# રવીન્દ્રનાથ સાર્ધજન્મશતાબ્દી સમારોપ

૭મી મે ૨૦૧૨ના રોજ રવીન્દ્રનાથની સાર્ધજન્મશતી નિમિત્તે દેશભર અને દુનિયાભરમાં આયોજિત વિવિધ કાર્યક્રમોની પૂર્ણાહુતિ થશે, જે બધા ૭મી મે ૨૦૧૦થી શરૂ થયા હતા. આપણા રાષ્ટ્રકવિને માટે ગૌરવાસ્પદ બની રહે એ રીતે વડાપ્રધાનની અધ્યક્ષતામાં રચાયેલી ટાગોર સાર્ધજન્મશતી ઉત્સવ સમિતિના નિર્દેશનમાં સમગ્ર દેશમાં આ બે વર્ષોમાં અનેક આયોજનો થયાં છે, જેમાં રવીન્દ્રનાથના સાહિત્યસર્જનના મૂલ્યાંકન, પુનઃમૂલ્યાંકન સાથે રવીન્દ્રનાથનાં નાટકો, નૃત્યનાટ્યો, રવીન્દ્રસંગીતની પ્રસ્તુતિઓ બંગાળી ઉપરાંત ભારતીય ભાષાઓમાં પ્રચુર પ્રમાણમાં થઈ. યુનેસ્કોએ પણ વિશ્વભરના દેશોને કવિવરની સાર્ધજન્મશતી ઊજવવાનો નિર્દેશ કરેલો, અને એ રીતે અનેક દેશોમાં પ્રસંગોચિત ઉજવણીઓના અહેવાલ મળ્યા છે. બાંગ્લાદેશ પણ તેમાં આગળ હોય જ.

૭ મે ૧૯૬૧ના રોજ રવીન્દ્રનાથની જન્મશતાબ્દી નવી સ્થપાયેલી સાહિત્ય અકાદેમીના નેજા નીચે ઊજવાઈ હતી. રવીન્દ્રનાથના ૧૯૪૧માં અવસાન અને તે પછીનાં કેટલાંક વર્ષોમાં રવીન્દ્રનાથ બહુ ઓછા વંચાતા લાગતા હતા, (અલબત્ત રવીન્દ્રસંગીતની ધારા અક્ષુણ્ણ વહેતી રહેલી અને વહેતી રહી છે.) પરંતુ એ જન્મશતાબ્દીનું આયોજન એવું હતું કે જાણે દેશભરમાં રવીન્દ્રનાથની પુનઃપ્રતિષ્ઠા થઈ. તેમાં સાહિત્ય અકાદેમીએ રવીન્દ્રનાથની મહત્ત્વની રચનાઓ – કવિતા, ગીત, નાટક, નવલકથા, વાર્તા, નિબંધ, બાલસાહિત્ય આદિ – મૂળ બંગાળીમાં દેવનાગરી લિપિમાં ઉપલબ્ધ કરાવ્યાં, કાવ્યગીતના સંચયો તો તેમાં અર્થ સાથે. કાવ્યોનો સંચય ‘એકોત્તરશતી’ ૧૯૫૯-૬૦ના અરસામાં અને પછી તરત ગીતોનો સંચય ‘ગીત પંચશતી’.

મને યાદ છે, અમારી એમ.એ.ની પરીક્ષાઓ નજીક હતી, પણ ‘એકોત્તરશતી’ હાથમાં આવી કે એના વાચનમાં મન પરોવાઈ ગયું. બંગાળી ત્યારે નહોતી આવડતી, પણ અર્થની મદદથી જાણે આવડતી હોય એવું લાગ્યું. એવું નહોતું કે રવીન્દ્રનાથને વાંચ્યા ન હતા, અનુવાદોમાં અનેક વાર વાંચ્યા હતા, પણ મૂળ બંગાળીમાં કવિની વાણીનો સંસ્પર્શ રોમાંચકર હતો. અમે યુનિવર્સિટી હોસ્ટેલમાં કેટલાક મિત્રોએ એના વાચનનો આનંદ લીધો હતો, અને ‘આમિ યદિ જનમ નિતેમ કાલિદાસેર કાલે’ કે ‘દૂરે બહુ દૂરે ઉજ્જયિની પુરે’થી શરૂ થતી ‘સ્વપ્ન’ કવિતાનો પાઠ તો એટલી વખત મેં કર્યો કે લગભગ મોઢે થઈ ગઈ હતી. મારા જેવા અનેક ભાવકો દેશમાં હશે. ‘ગીતપંચશતી’ તો એમ.એ.ની પરીક્ષા પછીના વેકેશનની સહવાસિની હતી ! પછી તો આ બધી રચનાઓ દેશની બધી ભાષાઓમાં અનૂદિત થઈ અને રવીન્દ્રનાથનો જાણે પુનઃ આવિષ્કાર થયો. એ પછી રવીન્દ્રનાથ વંચાતા રહ્યા છે. એટલું જ નહિ, જે અંગ્રેજી અનુવાદોને લીધે તેમની કવિપ્રતિભાને વિદેશોમાં નુકસાન પહોંચ્યું હતું, અને છતાં એ મેક્‌મિલનની વ્યાપારી વૃત્તિને

કારણે પ્રગટ થતા રહેતા હતા, તેને સ્થાને હવે રવીન્દ્રનાથના નવા અંગ્રેજી અનુવાદો બહાર પડતા જાય છે અને એ સાથે નવી નવી રીતે એમની વિવેચના થતી જાય છે. વળી કૉપીરાઇટના અવધિ પૂરી થવાને લીધે બંગાળીમાં તો અનેક પ્રકાશકો એમનાં પુસ્તકો નવે નવે રૂપે બહાર પાડે છે.

ગુજરાતીમાં મૂળ બંગાળીમાંથી શરૂના અનુવાદકોમાં એક મહાદેવભાઈ દેસાઈ અને નરહરિ પરીખ હતા. એ પછી જ્યારે ગુજરાતથી છાત્રો વિશ્વભારતી, શાંતિનિકેતન ભણવા જવા લાગ્યા ત્યારે બંગાળીમાંથી રવીન્દ્રનાથના અનુવાદો વધારે થવા લાગ્યા. ૧૯૨૧માં ઝવેરચંદ મેઘાણી 'કુરબાનીની કથાઓ' રવીન્દ્રનાથની 'કથા ઓ કાહિની'નો ગદ્યાનુવાદ લઈ કોલકાતા છોડી ગુજરાત આવેલા. ૧૯૪૪માં તેમનાં રવીન્દ્રવીણાનાં રૂપાંતરોએ કવિને ગુજરાતમાં લોકપ્રિય બનાવ્યા હતા. આપણે ત્યાં બંગાળીનો વ્યવસ્થિત અભ્યાસ ગૂજરાત વિદ્યાપીઠમાં શરૂ થયો જ્યાં બંગાળી એક મુખ્ય વિષય હતો. નગીનદાસ પારેખ જેવા વિદ્યાપીઠમાં બંગાળી મુખ્ય વિષયથી સ્નાતક થઈ છેક ૧૯૨૫માં શાંતિનિકેતન વિદ્યાપીઠના ફેલો તરીકે ભણવા ગયેલા. બચુભાઈ શુક્લ એ પહેલાં ગયેલા. શ્રીધરાણી ૧૯૩૨-૩૪માં ગયેલા અને પ્રહ્લાદ પારેખ પણ. પરંતુ સીધા અનુવાદો બચુભાઈ શુક્લે અને નગીનદાસ પારેખે એટલા અને એવા નમૂનારૂપ આપ્યા કે ગુજરાત ન્યાલ થયું છે. નગીનદાસે પછી તો ગુજરાતને બંગાળી શીખવ્યું છે, એમ કહેવાય. રમણલાલ સોની, ભોગીલાલ ગાંધીએ પણ રવીન્દ્રનાથને અને અન્ય બંગાળી લેખકોને ગુજરાતીમાં ઉતાર્યા છે. કિશનસિંહ ચાવડાએ પણ રવીન્દ્રનાથની અનુવાદની પ્રવૃત્તિમાં રસ લીધો હતો. હજી પણ રવીન્દ્રનાથના ગુજરાતીમાં અનુવાદો થાય છે.

રવીન્દ્રનાથ ગુજરાતીમાં કેવા વંચાય છે ? લોકમિલાપે નગીનદાસ પાસે છ પુસ્તકોનો એક સંપુટ – વિવિધ સાહિત્યસ્વરૂપો પ્રમાણે – તૈયાર કરાવ્યો હતો. તે સેટની પાંચ હજાર નકલો થોડા સમયમાં વેચાઈ ગઈ હતી. રવીન્દ્રનાથ સામાન્ય વાચકોમાં વંચાય છે, પણ જોયું છે કે ભાષાસાહિત્યના આજના ઘણા અધ્યાપકોને અને ઘણા નવલેખકોને રવીન્દ્રસાહિત્યનો જરાય પરિચય નથી ! એમને કદાચ રવીન્દ્રનાથમાં 'રસ' પણ નથી. પરિષદમાં નિરંજન ભગત, શૈલેષ પારેખ આદિ રવીન્દ્રપ્રેમીઓ રવીન્દ્રભવનના ઉપક્રમે દરેક મહિનાના પ્રથમ બુધવારે સાંજે છેલ્લાં ઘણાં વર્ષોથી રવીન્દ્રસાહિત્યની ચર્ચા કરે છે, તેમાં મેં બેત્રણ અપવાદ સિવાય ગુજરાતીના અધ્યાપક કે નવોદિત સર્જકને જોયા નથી.

ગુજરાતી સાહિત્ય પરિષદે મે ૨૦૧૨ના પ્રથમ સપ્તાહમાં રવીન્દ્ર સાર્ધ જન્મશતાબ્દીના સમારોપના ઉપલક્ષ્યમાં રવીન્દ્રસમારોહનું આયોજન કરેલું છે. સાહિત્યજગત અને વિદ્યાજગતનો કેવો પ્રતિભાવ મળે છે, તે જોવાનું રહે છે.

૨૪-૪-'૧૨ **ભોળાભાઈ પટેલ**